અપીલ અરજી નં.૧૬૬ તા.૧૨–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પાલજીભાઈ અમરાભાઈ ચાવડા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પાલજીભાઈ અમરાભાઈ ચાવડાની તા.૧૬–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સેન્ટ્રલ ઝોનનાં સૈયદપુરા માર્કેટ વિસ્તારની નોંધ નં.૧૨/૨૩૭૯ જૂની મિલ્કત ઉતારી નવું આર.સી.સી.સ્લેબ બીમ અને પ્લીન્થ સહિત પાંચ માળનું બાંધકામ કરેલ હોય જેના બાંધકામનાં એલાઈમેન્ટ સહિતના નકશા–પ્લાનની રજાચિઠ્ઠી અને પ્લાનની નકલ આપવા વિનંતી છે.વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૬/૨૦૧૧–૧૨

શ્રી પાલજીભાઈ અમરાભાઈ ચાવડાની તા.૧૬–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સેન્ટ્રલ ઝોનનાં સૈયદપુરા માર્કેટ વિસ્તારની નોંધ નં.૧૨/૨૩૭૯ જૂની મિલ્કત ઉતારી નવું આર.સી.સી.સ્લેબ બીમ અને પ્લીન્થ સહિત પાંચ માળનું બાંધકામ કરેલ હોય જેના બાંધકામનાં એલાઈમેન્ટ સહિતના નકશા–પ્લાનની રજાચિઠ્ઠી અને પ્લાનની નકલ આપવા વિનંતી છે.વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા બાબત હેઠળ મિલ્કત અને દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૫૧૮ તા.૨૦–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૭૫૩ તા.૬–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૩ તા.૫–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. પરંતુ મિલ્કતની દફતરી હકીકત અપીલ તબકકે અત્રે જણાવેલ નથી. વિલંબ અંગે લાગત કલાર્કનો ખુલાસો માંગેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૧૬–૫–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોનના નોંધ નં.૧૨/૨૩૭૯ ના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માહિતી ન મળતાં અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તેમજ ટાઉન પ્લાનીંગના જાહેર માહિતી અધિકારીને પક્ષકાર બનાવી તા.૧૨–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને અત્રેથી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી પાસેથી પૂરક વિગતો મંગાવતા અરજદારને અપીલ તબકકે સમય અવધિ બાદ વિલંબથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૭૩૩ તા.૫–૮–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં. (૧) સેન્ટ્રલઝોનનાં સૈયદપુરા માર્કેટ વિસ્તારની નોંધ નં.૧૨/૨૩૭૯ જૂની મિલ્કત ઉતારી નવું આર.સી.સી.સ્લેબ બીમ અને પ્લીન્થ સહિત પાંચ માળનું બાંધકામ કરેલ હોય જેના બાંધકામનાં એલાઈમેન્ટ સહિતના નકશા–પ્લાનની રજાચિઠ્ઠી અને પ્લાનની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૩૭૮/બ ૨૩૭૯/અ ૨૩૭૯/બ ની મંજુર પ્લાનની એલાઈમેન્ટ સહિતની તેમજ રજાચિઠ્ઠીની નકલ આ સાથે સામેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ મિલ્કતની નોંધ નં.૧૨/૨૩૭૯ નું પાંચમા માળનું બાંધકામ ગેરકાયદેસર હોય અથવા કાયદેસર હોય જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી જણાતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ નવા આરસીસી બાંધકામ અંગેની નોંધ નં. ૧૨/૨૩૭૯ ની બીયુસી પ્રમાણપત્રની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને તેમની અરજીના મુદ્દા નં.૧ થી ૩ ની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ કક્ષાએ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૬–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પાલજીભાઈ અમરાભાઈ ચાવડા,